## વાત ગાંધીનગરની

સેક્ટર-૨૬માં પત્નિ દ્વારા પતિની કરપીણ હત્યાના ચકચારી સમાચાર સાથે આરંભાયેલ શહેરની સવાર અસહ્ય ઉકળાટ બાદ સાંજે ધોધમાર વરસાદની ઠંડક સાથે દિવસ પૂર્ણ થયો હતો.

**કેબીનેટમાં ખેડૂતલક્ષી નિર્ણયો...**

સૌરાષ્ટ્રમાં મુશળધાર વરસાદને પગલે ખેતીને થયેલા નુકશાન સંદર્ભે તાકીદે સર્વે કરી સહાય ચૂકવવાના ખેડૂતલક્ષી નિર્ણયને આવકાર પ્રાપ્ત થયો છે અને એ જ રીતે ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ઓછા વરસાદને પગલે તાત્કાલિક સિંચાઈનું પાણી આપવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત કોરોનાના વધતા સંક્રમણને અટકાવવા વિવિધ પગલાંઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

**યોજનાકીય ખર્ચમાં ૨૫ ટકા કાપ...**

વૈશ્વિક મહામારી કોરોનાના પગલે સરકારે યોજનાકીય ખર્ચમાં ૨૫ ટકા કાપ મુકવાની મૌખિક સૂચના સંબંધિત વિભાગને આપી છે. હસમુખ અઢીયા સમિતિની ભલામણોના અમલીકરણના ભાગરૂપે પણ નાણાં વિભાગે અલગ વિભાગોને મૌખિક સૂચનાઓ આપી છે જેમાં નવી ભરતી નહી કરવી, નવી શાળાઓ કે વર્ગખંડો નહી બાંધવા જેવી અનેક યોજનાઓને પડતી મુકી યોજનાકીય ખર્ચમાં કાપ મુકવા જણાવ્યુ છે.

**નિવૃત્તિ પહેલાં નવા દાવ...**

આજકાલ સચિવાલયથી લઈ નાની-મોટી સરકારી કચેરીઓમાં નિવૃત્તિ પહેલાના એકાદ-બે મહિનામાં નવા દાવ અજમાવાય છે. નિવૃત્તિ પહેલાના બે-ત્રણ મહિનામાં બાકી કામોના ટેન્ડરો બહાર પાડીને સંબંધિત એજન્સીઓને યુદ્ધના ધોરણે વર્ક ઓર્ડર આપવાના પેંતરા ચાલી રહ્યાં છે અને જે પેટેના ''વહેવારો અને વહીવટો'' સચવાઈ જાય અને નોકરીના અંતિમ તબક્કાની મેન્ડેટરી ઓવરોમાં ધાર્યા રન (રકમ) અંકે થઈ જાય એવા દાવપેચનો ટ્રેન્ડ ચાલે છે.

**ગેસબીલમાં લેટ ફી નો વધતો કકળાટ**

ગાંધીનગરના નાગરીકોને પી.એન.જી.ની સુવિધા છે. દર બે મહિને બીલ નિયમિત વિતરણ કરાતુ હોય છે પરંતુ એપ્રિલ-મે-જુનમાં લોકડાઉન અને કોરોના સંક્રમણના પગલે બીલ વિતરણ થયા નહોતા. એટલે ત્રણ મહિનાના કેટલાક સ્થાનો પર ચાર મહિનાના ભેગા બીલો આકારવામાં આવ્યા છે. પરંતુ એમાં ૭૫ રૂપિયાની લેટ ફી ઉમેરાઈ છે. સંખ્યાબંધ ગ્રાહકોની ફરિયાદ એવી છે કે કંપનીએ બીલ વિતરણ નથી કર્યુ છતાંય ગ્રાહકોને લેટ ફી કેમ ચુકવવાની..?! આ અન્યાય સામે સત્તાવાહકો સમક્ષ રજૂઆત પણ કરાઈ છે પરંતુ અહીંયા તો કોણ કોનુ સાંભળે છે..?!

**વાયબ્રન્ટ સમીટ પણ હજુ અનિશ્ચિત...**

ગાંધીનગરમાં દર બે વર્ષે ગુજરાત સરકાર દ્વારા દેશભરના રોકાણકારોને નિમંત્રી ગુજરાતમાં રોકાણ કરવા રોકાણ માટે અપીલ કરાય છે. ગુજરાતના વિકાસની સંભાવનાઓ અને સામર્થ્ય સંદર્ભે ભાષણો થાય છે. મોટી ઝાકમઝોળ વચ્ચે વાયબ્રન્ટ સમીટ ગુજરાત સરકારની એક પ્રતિષ્ઠિત ઈવેન્ટ બનતી હોય છે. આ વર્ષે કોરોનાનું ગ્રહણ વાયબ્રન્ટ સમીટને પણ નડી શકે છે. અર્થાત વાયબ્રન્ટ સમીટ-૨૦૨૧ જાન્યુઆરીના બદલે એપ્રિલમાં યોજાય અથવા જાન્યુઆરી-૨૦૨૨ માં યોજાય. સમગ્ર સ્થિતિ જો અને તો પર આધારિત છે.

**''અર્ક'' આજનો...**

''ભાષા''ઓનું અનુવાદ થઈ શકે, પણ 'ભાવના'ઓનો નહી, તેમને તો સમજવી જ પડે....''

# શહેરમાં સમી સાંજે ધોધમાર વરસાદ

**અષાઢી વાદળો ગર્જ્યા અને વરસ્યા પણ ખરા.. : દિવસના ઉકળાટ બાદ વાતાવરણ પલ્ટાના અંતે વરસાદના ભારે ઝાપટાએ ચોમેર પાણી પાણી કરી દીધુ : શહેરમાં અનેક વૃક્ષ ધરાશાયી : સરગાસણ પાસે માર્ગ વચાળે વૃક્ષ જમીનદોસ્ત થતા ટ્રાફિક જામના દ્રશ્યો**



એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી આકાશમાં વરસાદી વાદળો રોજ ગોરંભાય છે. પરંતુ વરસાદ વરસતો નથી અલપ ઝલપ હળવુ ઝાપટુ વરસાવીને વિખરાઈ જતા વાદળો મનમુકીને વરસે તેવી આશ સાથે નગરજનો રોજ નભ તરફ નજર માંડરે છે. આજે પણ દિવસના અસહ્ય ઉકળાટ બાદ સાંજના સમયે અચાનક જ નાટયાત્મક વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો જેના અંતે વિજચમકારા અને વાદળ ગર્જના સાથે વરસાદ વરસ્યો હતો પલવારમાં જ શહેર પાણી પાણી થઈ ગયુ હતુ. ગાંધીનગરમાં અનેક સ્થળે વૃક્ષો ધરાશાયી થયા હતા. સરગાસણ પાસે વૃક્ષ માર્ગ વચાળે આડશ બનતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સાંજના સમયે વરસાદ વરસતા જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. વાતાવરણમાં પણ અનોખી ઠંડક પ્રસરી હતી. જયારે ભારે ઝાપટુ વરસાવી વરસાદ અટકી ગયો હતો. પરંતુ સતત વાદળ ગર્જના અને વિજચમકારા વચ્ચે વરસાદી નઝારો યથાવત રહ્યો હતો. હજુ બે ત્રણ દિવસ ભારે વરસાદ વરસવાની સંભાવના હોવાનુ પણ હવામાન તજજ્ઞો જણાંવી રહ્યા છે.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો જોવા મળે છે. પરંતુ ગાજયા મેઘ વરસતા નથી ત્યારે રોજબરોજ નભ તરફ મીટ માંડરીને નગરજનો વરસાદની વાટ નિહાળે છે. છેલ્લા કેટલાક દિવસોથી હળવા ઝાપટા વરસાદી વિદાય લેતા વરસાદી વાદળો મનમુકીને વરસે તેવી આશ સાથે શહેરીજનો વરસાદી મોસમમાં ભીંજાવવા પણ ઉત્સુક બન્યા છે. ત્યારે આજે ગાંધીનગરમાં વરસાદી સાંજ નિખરી હતી. બપોરના તાપ અને ઉકળાટ બાદ સાંજના સમયે આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. સાંજના સમયે વાદળો વરસી પડયા હતા. ભારે વરસાદના લીધે પલવારમાં જ ઠેર

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૬૫ ટકા બાળકોએ ઓનલાઈન પ્રવેશ ધો. ૧માં મેળવ્યો

**૨૦ ટકા વાલીઓ આર.ટી.ઈ. હેઠળ પસંદગીની શાળામાં પ્રવેશ મેળવવા હજુ રાહ જોઈ રહ્યા છે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ૨૦ ટકા વાલીઓ રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત પસંદગીની શાળાઓમાં બાળકોને પ્રવેશ મળે તેની રાહ જોઈ રહ્યા છે.

જિલ્લામાં આ વખતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો નથી પરંતુ ધો. ૧ માં ઓનલાઈન પ્રવેશ ૬૫ ટકા જેટલા બાળકોએ મેળવી લીધો હોવાનું જિલ્લાના શિક્ષણતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કોરોના સંક્રમણને કારણે શાળાઓ શરૂ થઈ નથી અને રાઈટ ટુ એજ્યુકેશન એકટ અંતર્ગત બાળકને પસંદગીની શાળામાં પ્રવેશ મેળવી શકે તે માટે વાલીઓ હજુ રાહ જોઈ રહ્યા છે.

શાળાઓ દ્વારા ઓનલાઈન એજ્યુકેશન તો ચાલુ થઈ ગયુ છે. નેટ ટ્રાફિકીંગની સમસ્યાઓ વચ્ચે પણ શિક્ષણતંત્રના સૂત્રો જણાવે છે કે જિલ્લામાં ઓનલાઈન એજ્યુકેશનને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જે ધો. ૩ થી ૮ માં અભ્યાસ કરે છે તેના ૮૦ ટકા બાળકોએ માઈક્રોસોફ્ટ ઈન નામની એપ ડાઉનલોડ કરી લીધી છે.

આ ઉપરાંત બાળકો યુટ્યુબ તેમજ વર્ચ્યુઅલ ક્લાસરૂમો થકી તેમનુ હોમ લર્નિંગ કાર્ય કરી રહ્યા છે. આવા બાળકોની હાજરી પણ વધુ ઉત્સાહિત કરે છે તેવા અહેવાલો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી મળી રહ્યા છે.

બાળકોના શાળા પ્રવેશ માટે પણ વાલીઓ સાથેનું સઘન સંપર્ક અભિયાન ચાલુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૧૦ સીબીએસસીનુ પરિણામ જાહેર

**સે-૨૩ સ્વામિનારાયણ પબ્લીક સ્કુલના ૨૪ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ : શાળાનુ પરિણામ સો ટકા જયારે શાળાના ૯ વિદ્યાર્થીઓએ ગણિત વિષયમાં ૧૦૦ ગુણ મેળવ્યા : સીબીએસસી બોર્ડનુ પરિણામ ૯૧ ટકા**

ગાંધીનગર તા ૧૫

ગત ફેબ્રુઆરી માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ સી બી એસ સી બોર્ડની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ. જેમાં સે-૨૩ સ્થિત શ્રી સ્વામિનારાયણ પબ્લીક સ્કુલના ૨૪ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જયારે શાળાના ૯ વિદ્યાર્થીઓએ ગણિત વિષયમાં ૧૦૦ ગુણ મેળવ્યા છે. સી બી એસ સી બોર્ડની પરીક્ષામાં સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થીઓએ શાળાનુ તેમજ નગરનુ ગૌરવ વધાર્યુ છે. શાળાએ પણ સો ટકા પરિણામ મેળવી નગરમાં અવલ્લ સ્થાન મેળવ્યુ છે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી સી બી એસ સી બોર્ડની પરીક્ષામાં નગરની સ્વામિનારાયણ પબ્લીક સ્કુલના વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ છે. ધો -૧૦ ની આ પરીક્ષામાં શાળાના ૧૫૬ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. જયારે આ બધા જ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉત્તિર્ણ થયા છે. સી બી એસ સી બોર્ડમાં શાળાના ૨૪ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવી શાળાનુ નામ રોશન કર્યુ છે. જયારે શાળાના ૯ વિદ્યાર્થીઓએ ગણિત વિષયમાં સો ગુણ મેળવ્યા છે. શાળાના વિદ્યાર્થીઓએ શાળાને ગૌરવ અપાવતા આચાર્ય તેમજ શાળાના ડાયરેકટર ઉમંગ વસાણીએ અભિનંદન પાઠવ્યા છે. તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ શુભેચ્છા પાઠવી છે. શાળાની વિદ્યાર્થની આર્યા પટેલે ૪૮૯ ગુણ મેળવી ૯૭.૫૦ ટકા હાંસલ કરીને પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. શાળાના ૪૯ વિદ્યાર્થીઓએ એ ટુ ગ્રેડ મેળવ્યો છે.

# શહેરમાં વધુ નવ કેસ

**સે. ૨૭ માં દંપત્તિ કોરોનાની ઝપટમાં; સે. ૨-સી, ૩-એ, ૩-ડી, ૪-સી, ૧૪, ૨૪ અને ૨૯ માંથી કેસ મળ્યા : ૯૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ નવ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના કેસોની સંખ્યા વધીને ૩૨૭ થવા પામી છે.

શહેરમાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. તંત્ર દ્વારા હવે આ સંક્રમણને નિયંત્રિત કરવા માટે કડક પગલાંઓ ભરવામાં આવે તેવી શક્યતાઓ છે.

મળતી વિગતો પ્રમાણે તંત્રને સરકારે મળી રહેલા દર્દીઓની સંખ્યા પછી તેમના કોન્ટેક્ટ પર્સન શોધવા માટેની કામગીરી સઘન બનાવવા માટે સૂચનાઓ આપી છે એટલુ જ નહિ પણ હાઈરિસ્ક કોન્ટેક્ટ પર્સનને સરકારી ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં ખસેડવા માટે પણ તાકીદ કરી હોવાનુ જાણવા મળેલ છે.

તંત્રએ શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન સર્વેલન્સ કરવાના આદેશો જારી કરવા ઉપરાંત દંડનીય કાર્યવાહી પણ સઘન કરવાની સૂચનાઓ આપી છે.

શહેરમાં આજે સે. ૨-સી, સે.૩-એ, સે. ૩-ડી, સે. ૪-સી, સે. ૧૪, સે. ૨૪, સે. ૨૭ અને સે. ૨૯માંથી કેસો મળી આવ્યા છે.

સેક્ટર-૪-સીમાં રહી અભ્યાસ કરતા એક ૧૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૭ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. રોડ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા એક ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૩૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા સચિવાલય ખાતે નાણાં વિભાગમાં નોકરી કરે છે. આ દંપત્તિએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રને લેખિત બાંહેધરી આપી છે જે તંત્રે મંજૂર રાખેલ છે.

આ દંપત્તિના પરિવારના અન્ય ૩ સભ્યોને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૯ માંથી એક ૪૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૯ કેસ

**ગાંધીનગરમાં ૧૪, કલોલમાં ૧૦, માણસામાં ૪ અને દહેગામમાં એક કેસ : ૨૧,૬૫૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે જેને લઈ તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વધી રહેલા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૧૪, દહેગામમાં એક, માણસામાં ૪ અને કલોલમાં ૧૦ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના કેસોની સંખ્યા ૭૦૦ની નજીક પહોંચી રહી છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામે આજે મા-દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૨ વર્ષીય માતા જીઈબીમાં નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે. માતાના સંપર્કમાં આવેલ દિકરીનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તાલુકાના રાંધેજા ગામેથી એક ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવક ગાંધીનગરની જીઆઈડીસીમાં આવેલ ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. પેથાપુર બાદ રાંધેજામાં છેલ્લા ૨-૩ દિવસથી પુનઃ કોરોનાના કેસો મળવાના શરૂ થતાં તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

ઝુંડાલ ગામેથી એક ૩૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન સમાચાર સંસ્થા સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળેલ છે.

ભાટમાંથી એક ૫૭ વર્ષીય કાપડનો છુટક ધંધો કરતા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વેપારી અમદાવાદમાં ધંધો કરતા હોવાનું જાણવા મળેલ છે.

શેરથામાંથી આજે બે કેસ મહિલા દર્દીના મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૫૬ વર્ષીય સ્ત્રી દર્દીના પતિનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો અને તેઓ તેમના થકી સંક્રમિત થયા છે. આ ઉપરાંત એક અન્ય ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કસ્તુરીનગરમાંથી પણ એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ચંદ્રાલા ગામેથી પણ એક ૪૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ મહિલાના પુત્ર અને પુત્રવધુને ગાંધીનગર સ્થિત સરકારી ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં તંત્ર દ્વારા ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત ન્યુ પાલજમાંથી એક ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણ જે કોરોના માટે હવે હોટસ્પોટ બની ચુક્યુ છે ત્યાંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા અને એક પુરૂષ દર્દી હોવાનું જાણવા મળેલ છે.

પેથાપુરમાંથી પણ એક ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઉવારસદ ગામેથી પણ એક ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ અર્બનમાંથી આજે એક ૫૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા આરોગ્યતંત્ર સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે. મહિલા દર્દીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ શહેરમાંથી આજે ૭ કેસ અર્બન-૨ વિસ્તારમાંથી મળ્યા છે. આ ઉપરાંત નાદરી, ઈસંડ, બોરીસણામાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ માણસા અર્બન વિસ્તારમાંથી તો ૧ કેસ પુંધરા અને ૧ કેસ આનંદપુરા વેડામાંથી મળી આવેલ છે. આ ચારેય દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા છે. આ દર્દીઓના રહેઠાણ અને તેની આસપાસના ઘરોમાં લોકોને હોમ ક્વોરોન્ટાઈન પણ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

દરમિયાન તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ નોંધાયેલા દર્દીઓમાં સારો હોવાનો દાવો પણ તંત્રએ કર્યો છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી હાલ ૧૬૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર અને કલોલમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા ઘેરી બની છે. જો કે માણસા અને દહેગામમાં પણ કેસોની સંખ્યા ધીમી ગતિએ ૧૦૦ની નજીક પહોંચી રહી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આજે ૨૧,૬૪૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે. જેમાં ૨૧,૫૦૩ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે જ્યારે ૮૬ લોકો સરકારી ફેસીલીટીમાં ક્વોરોન્ટાઈન હેઠળ અને ૬૦ લોકો પ્રાયવેટ ફેસેલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

# કોર્પોરેશનની ઓનલાઈન વેરા વસુલાતની વ્યવસ્થા ઠપ્પ : નાગરિકો પરેશાન

**નાગરિકોને વેરાના બીલ પણ મળ્યા નથી ત્યારે છેલ્લા ૨૦ દિવસતી ઓનલાઇન વેરા વસુલાત પણ બંધ નાગરિકોને દુવિધા**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકાનો વહીવટ ખાડે ગયો છે. નાગરિકોને વેરાના બિલ પણ મળ્યા નથી જયારે વેરા વસુલાતની ઓનલાઈન પ્રક્રીયા પણ પડી ભાંગી છે. નાગરિકોને ઘરે બીલ મળ્યા નથી જેના લીધે કેટલો વેરો ચુકવવાનો છે તે અંગે પણ રહીશો અજાણ છે. જયારે કોરાના કાળમાં હાલ સઘળુ ઓનલાઈન ચાલે છે ત્યારે કોર્પોરેશન ઓનલાઈન વેરા વસુલીની પ્રક્રીયામાં પણ નિષ્ફળ પુરવાર થયુ છે. ઓનલાઈન પ્રક્રીયા છેલ્લા ૨૦ દિવસથી બંધ રહેતા નાગરિકો હાલાકી વેઠી રહ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાનુ તંત્ર ખાડે ગયુ છે.અધિકારીઓ અને ચુંટાયેલી પાંખના સભ્યો હુંસાતુસીમાં વ્યસ્ત છે. બીજીતરફ નાગરિકોને પારવાર હાલાકી વેઠવી પડે છે. શહેર વસાહત મહામંડળા પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ કોર્પારેશનનો મિલ્કત વેરો ઓનલાઈન ભરવાની પ્રક્રીયા છેલ્લા ૨૦ દિવસથી ઠપ્પ થઈ ગઈ છે. જેના લીધે નાગરિકો ઓનલાઈન વેરો ભરી શકતા નથી. કોરોનાના કપરા કાળમાં સોશિયલ ડીસ્ટન્સીંગ સહીત કામ સિવાય ઘરની બહાર ન નિકળવા માટે ખુદ સરકાર જ અપીલ કરી રહી છે. આવા સંજોગોમાં મહાનગરપાલિકાના વેરાના બીલ નાગરિકોને ઘરે મળ્યા નથી જેથી કેટલો વેરો ચુકવવાનો તે વાતથી પણ નાગરિકો અજાણ છે. તંત્રએ વેરો વસુલ કરવા માટે ઠેકેદારોને કોન્ટ્રાકટ આપ્યો છે. પંરતુ તેઓ કામ કરે છે કે કેમ તે અંગે પણ તકેદારી રાખવામાં આવતી નથી. રાજકીય હુંસાતુસી વચ્ચે આમ નાગરિકો પરેશાન બન્યા છે. વેરો કઈ મુદત સુધી ભરવાનો છે તે અંગે પણ સ્પષ્ટતા કરી નથી. નવા વિસ્તારનો મહાનગરપાલિકામાં સમાવેશ કરાયો છે. ત્યારે જુના વિસ્તારના પ્રશ્નો અને નાગરિકોની સમસ્યા યથાવત છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com